# કૃષિ મહાવિદ્યાલય, અમરેલી ના વિદ્યાર્થીઓએ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આનંદ કૃષિ યુનિવર્સિટી, આનંદ ખાતે ૨૪ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ના પાંચમા સેમેસ્ટરના ૬૫ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં શાકભાજી પાકો પર ચાલતી સંશોધન પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત શૈક્ષણિક સમજણ અપાવવાનો હતો. ડૉ. આર. આર. આચાર્ય, સંશોધક વૈજ્ઞાનિક (શાકભાજી), દ્વારા શાકભાજીનો દૈનિક પોષણમાં મહત્વ, શાકભાજીપાકો ની વર્તમાન પરિસ્થિતિ, અને કેન્દ્રમાં ચાલતી સંશોધન પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. એમ. એમ. પંડ્યા, સહાયક સંશોધન વૈજ્ઞાનિકે, પાકની ગુણવત્તા સુધારવા અને નવીન શાકભાજી જાતો વિકસિત કરવા માટે અપનાવવામાં આવતા વૈજ્ઞાનિક અભિગમોની સમજ આપી. તેઓએ પાક મ્યુઝીયમ ની મુલાકાત પણ આયોજિત કરી. ડૉ. પી. એમ. રહેવર, સંશોધન સહાયકે, કારેલા, દુધી, તૂરિયા અને ભીંડા જેવા પાકોમાં હાઇબ્રિડ બીજ ઉત્પાદન પ્રક્રિયા અને હાઇબ્રિડ બીજના લાભોની વિગતવાર માહિતી આપી. પ્રો. એસ. એ. હરિયાણી, મદદનીશ પ્રોફેસર, કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલીએ શાકભાજી પાકો સંબંધી માહિતી બદલ આભાર વ્યક્ત કર્યો.




RESEARCH FARM
MAIN VEGETABLE RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND
શાકભાજી સંશોધન ફાર્મ
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

